




સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

25th YEAR

www.farooqsaptahik.com

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક








RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 29 ★ Sha'ban - 15, H. 1446 ★ 14-FEBRUARY-2025, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


## કાલચક્ર : કચ્છના પૂર્વ SP કુલદીપ શર્માને સજા

અબડાસાના મર્હૂમ હાજી અબ્દુલ્લાહ હાજી ઈબ્રાહીમ મંધરા (હાજી ઈભલા શેઠ)ને માર મારવાના ચાર દાયકા જૂના કેસમાં તત્કાલીન કચ્છ જીલ્લા પોલીસ વડા કુલદીપ શર્મા અને તત્કાલીન LCB - PSI ગીરીશ વસાવડાને ભુજની કોર્ટે ૩ માસની કેદ અને રૂા. ૧,૦૦૦/– દંડની સજા ફટકારી છે તેમણે અપીલ માટે જામીન મેળવ્યા છે. આ ચૂકાદા બાદ હાજીઈભલા શેઠના પુત્ર ઈકબાલ મંધરાએ કોર્ટ પ્રાંગણમાં મિઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરી છે.

આ ચૂકાદો અનેક દષ્ટિએ મહત્વપૂર્ણ છે અને સમાજના દરેક વર્ગને સંદેશ પાઠવનારો છે. ૧૯૮૪માં કોંગ્રેસનો સીતારો બુલંદી પર હતો. કુલદીપ શર્માની ગણત્રી બાહોશ અધિકારીઓમાં થતી. કચ્છના સૌથી રૂઆબદાર પોલીસ અધિકારીઓમાં તેમનું નામ મોખરે હોય છે. અત્યારે સ્થિતિ એ છે કે ગુજરાતમાં ભાજપ પાસે ૧૮૨ બેઠકોમાંથી ૧૬૧ બેઠક છે જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ૧૨ બેઠક છે. રાજકીય પીઠબળના જોરે ફરજની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતા નાયક મનાતા અધિકારીઓ પણ સમયનો કાલચક્ર ફરતા કાયદાની પકડમાં આવી શકે છે.

વર્તમાન સમયે કુલદીપ શર્મા કોંગ્રેસના રાજ્ય કક્ષાના નેતા છે જ્યારે ઈકબાલ મંધરા જીલ્લા કક્ષાના નેતા છે. પોતાના જ રાજકીય પક્ષના વરિષ્ઠ નેતા સામે કાનૂની લડત આસાન નથી હોતી. આરોપી સજાથી બચવા માટે પોતાના તમામ પ્રયત્ન કરે છે તેથી સંભવતઃ ઈકબાલભાઈને અનેક આંતરિક દબાણોમાંથી પસાર થવું પડયું હશે છતાં તેઓ લાંબી લડતમાં અડગ રહ્યા. હાજી ઈભલા શેઠના તત્કાલીન સાથી નેતાઓ અને સાક્ષીઓએ અંત સુધી મિત્રતા નિભાવી. સંભવિત રીતે તેમણે પણ સામાજિક – રાજકીય દબાણમાંથી પસાર થવડુ પડયું હશે. આ રીતે આ કેસ સમાજના દરેક વર્ગ માટે પ્રેરણારૂપ અને આંખ ઉઘાડનારો છે. સમયનો વહેણ અનેક પાસા પલ્ટી નાખે છે. લોહીનો સગપણ અને મિત્રતા કાજે અડગ સૈધ્ધાંતિક કાનૂની લડત અંતે રંગ લાવે છે.

### વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ❑ જી, બેટા !
- ○ દિલ્હીમાં દાવા મુજબ 'આપ'ની કલ્યાણકારી કાર્યોની રાજનીતિ કેમ નિષ્ફળ નિવડી ?
- ❑ વલ્લાહો અઅ્લમો !!

## ગઢશીશા વિસ્તારમાં શિફા હોસ્પિટલ માટે રૂા. ૩૦ લાખ દાનની જાહેરાત

(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૦–૨ ના મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટના હોદેદારોએ ગઢશીશા તા. માંડવી–કચ્છની મુલાકાત શિફા હોસ્પિટલના દાન સંદર્ભે લીધી હતી જેમાં સારો સાથ સહકાર સાંપડયો હતો. ગઢ શીશા તથા આસપાસના ગામડાઓના અગ્રણીઓની બેઠક મેમણ જમાતખાના, ગઢ શીશા મધ્યે યોજાઈ હતી જેમાં દાતાઓએ **રૂા. ૩૦ લાખ** જેટલા દાનની જાહેરાત કરી હતી.



ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકીએ વર્તમાન સમયે જિલ્લા મથકે મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલની જરૂરિયાત, કચ્છના હિન્દુ–મુસ્લિમ દાતાઓ તરફથી મળી રહેલ સહકાર અને નાનામાં નાના માણસની શિફા હોસ્પિટલ પ્રત્યે લાગણીની વિગતો આપી હતી. ટ્રસ્ટના મંત્રી યુસુફ એ. જતે

(અનુસંધાન પાના ૩ ઉપર)

### શિફાની સ્થાપના સાથે ઝુંબેશ ઘર–ઘર પહોંચી ગઈ છે

મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટના હોદેદારો ગઢશીશા ખાતે મધ્ય કચ્છ રાયમા સમાજના પ્રમુખ રાયમા હાજીઆમદ હાજીઈલ્યાસના ઘેર પહોંચ્યા ત્યારે તેમણે સહર્ષ કહ્યું કે, શિફાની સ્થાપના થઈ ત્યારથી તેમના પત્ની હાજીયાણી સાયરાબેન ઘરમાં શિફા માટે એક અલગ બચતનો ડબ્બો રાખી દીધો છે જેમાં તેઓ સમયાંતરે રકમ નાખતા આવે છે. અમારા ઘેર શિફાની ઝુંબેશ શિફાની સ્થાપનાની સાથે જ પહોંચી આવી છે. આ પ્રસંગે રાયમા હાજીઆમદ સ્વયંએ **રૂા. ૫૧,૦૦૦/–** દાનમાં આપ્યા હતા.

# હુકૂકુલઈબાદ (માનવાધિકાર)ની અદાયગી ઈબાદત છે : સલીમશા

**વિંઝાણ ખાતે હિંગોરા સમાજની ૭મી સમૂહશાદીમાં ૧૮ યુગલ નિકાહના મુકદૃસ બંધનથી જોડાયા • આગામી સમૂહશાદી તા. ૧–૨–૨૬ ના ★ સંગઠિત થઈને રહેવું વર્તમાન સમયની જરૂર, ફાટફૂટ ઉભી કરવી શયતાનનો પ્રિય કાર્ય : અમીનશા ★ નજીવી બાબતો પર ઝગડા ન કરો, માફી–અહેસાનની આદત કેળવો : સુલતાનશા**

(ન્યૂઝ ડેસ્ક)

હિંગોરા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા કચ્છ મુસ્લિમ હિંગોરા સમાજની ૭મી સમૂહશાદી વિંઝાણ (તા. અબડાસા) સ્થિત વિશાળ હિંગોરા સમાજવાડીમાં યોજાઈ જેમાં ૧૮ યુગલ નિકાહના મુકદૃસ બંધનથી જોડાયા હતા.

કાર્યક્રમના અધ્યક્ષપદેથી સૈયદ હાજી સુલતાનશા હાજીમીયાં સાહેબ બુખારી (કોઠારા)એ જણાવ્યું હતું કે, આપણા હાથ હેઠળના યુવક–યુવતીઓના નિકાહ કરાવી આપવા સવાબનું કાર્ય છે. સમૂહ શાદીનું આયોજન સવાબનું સબબ છે. સુલતાનશા બાવાએ ઉપસ્થિત વાલીઓ, દુલ્હા–દુલ્હનોને ભલામણ કરી હતી કે, મામૂલી વાતોને ખોટી રીતે મોટી ન બનાવો, દરગુજર કરો, માફ કરવાની આદત કેળવો, નાની ભૂલો નજર સામે આવે તો ઉતાવળ ન કરો, ગંભીરતાથી વિચારો, જરૂરી જણાય તો તેની ચર્ચા કરો.



નિકાહની અદાયગી મૌલાના સૈયદ અલ્હાજ મોહંમદઅમીનશા હાજી અહમદશા બુખારીએ કરાવી હતી. નિકાહના ખુત્બા બાદ પોતાના સંક્ષિપ્ત બયાનમાં તેમણે કહ્યું હતું કે, કુર્આન મજીદ હર દૌરના લોકો માટે હિદાયત છે. અલ્લાહ તઆલા ફરમાવે છે સાથે મળીને અલ્લાહના રસા (દીન)ને મજબૂતીથી પકડી લ્યો. બાવા સાહેબે વિગતવાર સમજાવ્યું કે જે રીતે નાના–નાના તાંતણાથી સીંદરી બને છે, ત્યારબાદ સીંદરીઓથી જાડો રસો બને છે તે રીતે અલ્લાહ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરમાનોનું સમૂહ દીન છે. વર્તમાન સમયની જરૂર એ છે કે સૌ સંગઠિત થઈ દીનને મજબૂતીથી પકડી લઈએ. લોકોમાં ફાટફૂટ પેદા કરવી શયતાનનો પ્રિય કાર્ય છે.





સમારંભના મુખ્ય વક્તા સૈયદ હાજીસલીમશા હાજી જહાંગીરશાએ દુલ્હા–દુલ્હનને નસીહત રૂપ વિષય મા–બાપના હક્કો અંગે વિસ્તૃત જાણકારી આપી તેના પર અમલ કરવાની અપીલ કરી હતી. ઈસ્લામમાં હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો)ની જેમ હુકૂકુલઈબાદ (માનવાધિકાર)નું ઘણો જ મહત્વ છે. બંદાઓના હક્કમાં સૌથી ટોચ પર મા–બાપના હક્કો આવે છે. નમાઝ બાદ અલ્લાહને સૌથી વધુ પ્રિય અમલ મા–બાપના હક્કોની અદાયગી છે અને શિર્ક બાદ સૌથી મોટો ગુનાહ મા–બાપને તરછોડવું, તેમને ગાળો આપવી છે.



શાદીના બંધનથી ન ફક્ત દુલ્હા–દુલ્હન જોડાય છે બલ્કે બે પરિવારો સગપણના બંધનથી જોડાય છે. ઈસ્લામમાં હુકૂકુલઈબાદ પણ ઈબાદત છે.

મર્હૂમ મૌલાના સૈયદ અલ્હાજ જહાંગીરશા બાવા સાહેબની હિંગોરા સમાજ પ્રત્યે લાગણી બદલ હિંગોરા એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા મર્હૂમના પરિવારજનોને સિપાસનામા (ઋણ અદાયગીનો પત્ર) અર્પણ કરવામાં આવ્યો હતો. આયોજક ટ્રસ્ટના પ્રમુખ હાજી યુનુસ હિંગોરાએ ઉપસ્થિત મહેમાનોને આવકાર્યા હતા અને તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આગામી સમૂહશાદી તા. ૧–૨–૨૬ના યોજાશે તેવી જાહેરાત કરી હતી. મૌલાના મુસ્તાક હિંગોરાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તિલાવતે કુર્આન મૌલાના અબ્દુલખાલક હિંગોરાએ કરી હતી. સૈયદ ઈબ્રાહીમશા બાપુ (વિંઝાણ), આસિફ હિંગોરાએ ન્આત શરીફ રજૂ કરી હતી. હિંગોરા અબ્દુલકાદર (ખિરસરા), હિંગોરા આસિફ (ધનાવાડા) ગવાહ રહ્યા હતા. મંચસ્થ સાદાતે કિરામનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કચ્છના હિન્દુ–મુસ્લિમ સામાજિક – રાજકીય – ધાર્મિક અગ્રણીઓ અને કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહની વ્યવસ્થા અખિલ કચ્છ હિંગોરા સમાજના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના પ્રમુખ હાજીયુનુસ હિંગોરા, મહામંત્રી હાજીખાલિદ હિંગોરા, ઉપપ્રમુખ હાજીયાકુબ હિંગોરા, ખજાનચી ઈલ્યાસ હિંગોરા, ટ્રસ્ટી હાજીરઝાક હિંગોરા વગેરેએ સંભાળી હતી.

(સંલગ્ન અહેવાલ પાના ૨ ઉપર)

### તા. ૧૯–૨૦ ફેબ્રુ. ના ભુજમાં શોપિંગ મેળો યોજાશે

(ન્યૂઝ ડેસ્ક)

મુસ્લિમ કચ્છી ખત્રી લેડીસ ગ્રુપ ભુજ દ્વારા તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી, બુધ અને ગુરૂવારના સવારે ૯ થી રાત્રે ૯ સુધી શોપિંગ મેળાનું આયોજન મુસ્લિમ કચ્છી ખત્રી જમાતખાના, ખત્રી ચોક, ભુજ મધ્યે કરવામાં આવેલ છે જેમાં પધારવા સર્વેને જાહેર આમંત્રણ છે. શોપિંગ મેળામાં પ્રવેશ નિઃશુલ્ક છે. આ શોપિંગ મેળામાં ખરીદ–વેચાણની વિવિધ પ્રકારની વસ્તુઓ, નાસ્તામાં વિવિધ વાનગીઓ તેમજ નાની–મોટી ઉંમરની વ્યક્તિઓ માટે રમત–ગમત પણ રાખવામાં આવેલ છે. વધુ વિગતો માટે સંપર્ક કરો : 84540 11437.













આજે મેં (અલ્લાહે) તમારા દીન (જીવન વ્યવસ્થા)ને તમારા માટે સંપૂર્ણ કરી દીધો છે અને પોતાની કૃપા તમારા ઉપર પરિપૂર્ણ કરી દીધી છે.

(સૂરઃ માઈદહ–૩)

## ફારૂક સાપ્તાહિક તંત્રી સ્થાનેથી...

# UCC : મુસ્લિમો માટે રાજકીય નહીં, ધાર્મિક બાબત છે

ભાજપ શાસિત ઉત્તરાખંડમાં તા. ૨૭–૧–૨૫ થી સમાન નાગરિક ધારો (Uniform civil code - UCC) લાગુ કરાયો છે. દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીઓના એક દિવસ અગાઉ ભાજપ શાસિત ગુજરાતમાં UCC માટે સમિતિ રચાઈ છે જેની જાહેરાત મુખ્યમંત્રીએ કરી છે. જસ્ટિસ રંજના દેસાઈના વડપણ હેઠળ રચાયેલ સમિતિમાં એકપણ મુસ્લિમ વિદ્વાન–આલિમ–અધિકારી નથી. ૪૫ દિવસ બાદ આ સમિતિ પોતાનો અહેવાલ રજૂ કરશે ત્યારબાદ ગુજરાતમાં પણ બહુમતીના જોરે UCC લાગુ કરી દેવામાં આવશે. UCC લાગુ કરવું તેના સમર્થનમાં બોલવું, લઘુમતીઓના બંધારણીય હક્કો તંગ કરવા ભાજપ માટે રાજકીય પેંતરૂં હોઈ શકે છે. UCCનો વિરોધ કોંગ્રેસ, સપા, તૃણમૂલ કે અન્ય ભાજપ વિરોધી પક્ષો દ્વારા કરવું તેના માટે પણ રાજકીય બાબત હોઈ શકે છે પરંતુ ઈસ્લામી શરિઅતમાં દખલગીરી કરવી, અલ્લાહ અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરમાનોની વિરૂધ્ધ ફરમાન જારી કરવા અને તેના પર ચાલવા મુસ્લિમ નાગરિકોને મજબૂર કરવા તે મુસ્લિમો માટે રાજકીય બાબત નથી બલ્કે ધાર્મિક બાબત છે. મુસ્લિમ વિદ્વાનોમાં અત્યારથીજ બેચેની પ્રર્વતી રહી છે કે જો ઉત્તરાખંડની ઢબે ગુજરાતમાં UCC લાગુ કરવામાં આવ્યું તો તેની સીધી અસર ધાર્મિક બાબતો પર પડવાની છે. વિલ, વિરાસતનો કાયદો પ્રભાવિત થશે. વારસાઈના કાયદા અંગે કુર્આન મજીદમાં જે ફરમાન છે તેના વિપરિત UCCના નિયમો હશે તો તેને પણ અસર થશે. બક્ષીસ ધારો પ્રભાવિત થશે અને મુસ્લિમ પર્સનલ લૉ તળે ગુજરાતી (ભારતીય) મુસ્લિમોને ધાર્મિક સ્વતંત્રતા મળી છે તે પ્રભાવિત થવાની છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાનીએ 'શરિઆ અને કુદરતી કાયદાની આરસીમાં ભારતમાં UCCનો પ્રસ્તાવિત નકશો' શિર્ષક હેઠળ એક વિસ્તૃત લેખ લખ્યો છે. ઉકત લેખનું ગુજરાતી ભાષાંતર પીર સૈયદ ઈશાકમીયાં દ્વારા થયો છે જે ફારૂક સાપ્તાહિકના તા. ૨૦/૧૨/૨૪, ૩, ૧૦, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ના અંકોમાં ક્રમશઃ પ્રસિધ્ધ થયો છે. (ઉકત અંકો farooqsaptahik.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.).

મૌલાના ખાલિદ રહેમાની એ લખ્યું છે કે : આ કાયદા અનુસાર, બાળકોને દત્તક લેવાનો અવકાશ હશે અને દત્તક લીધેલા બાળકોને સાચા બાળકોનો દરજ્જો મળશે, તેઓને તમામ બાબતોમાં સાચા પુત્રો અને પુત્રીઓ ગણવામાં આવશે, આ કાયદો સ્પષ્ટપણે કુર્આન અને હદીસની વિરુધ્ધ છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે, **"તમારા દત્તક લેવાથી કોઈ તમારો પુત્ર બની જતો નથી. આ ફકત તમારા મોઢાના શબ્દો છે." (સૂરઃ અહઝાબ, ૩)**

આ કાયદા મુજબ, જો કોઈ બાળક વ્યભિચારને કારણે જન્મે છે, તો તેને વ્યભિચારીનું બાળક ગણવામાં આવશે અને કાયદેસર બાળકોના સમાન અધિકારો જેવા જ ગેરકાયદેસર બાળકના અધિકારો હશે.

વ્યભિચારથી જન્મેલ બાળક સ્ત્રીના પતિ પાસેથી વારસો મેળવશે નહીં, અને તેની સંપત્તિમાં તેનો હિસ્સો રહેશે નહીં. (સુનન અલ–તિર્મિઝી, અબ્દુલ્લા બિન ઉમરની, હદીસ નં. 2113)

લિવ–ઈન રિલેશનશિપનો અર્થ એ છે કે બે યુવક–યુવતીઓનું પરસ્પર સંમતિથી લગ્ન વિના સાથે રહેવું એ હાલમાં કાયદાના દાયરામાં આવી ગયું છે અને તેઓને એકબીજા સાથે શારીરિક સંબંધ સ્થાપિત કરવાની છૂટ છે તે ઈસ્લામની નજરમાં નૈતિકતા, માનવતા અને સામાન્ય અને મુસ્લિમ ધર્મોના ઉપદેશોની વિરુધ્ધ ઘોર પાપ છે અને લગ્ન વિના એકબીજા સાથે વૈવાહિક સંબંધો રાખવાની મનાઈ છે. પવિત્ર કુર્આનમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે **વ્યભિચાર અને અનાચારની પરવાનગી નથી. (સૂરઃ નિસા, ૨૫)**

આ કાયદા અનુસાર, લિવ–ઈન રિલેશનશિપના આધારે જન્મેલા બાળકોને વાસ્તવિક બાળકોનો દરજ્જો મળશે, વ્યભિચાર કરનારને બાળકો પર તેટલો જ અધિકાર મળશે જેટલો પિતાનો બાળકો પર છે. પહેલાથી જ કહેવામાં આવ્યું છે કે શરિઆના દષ્ટિકોણથી આ અસ્વીકાર્ય છે, માણસો નર–માદા પ્રાણીઓ જેવા નથી કે તેઓ જ્યારે ઈચ્છે અને જેની સાથે ઈચ્છે તેની સાથે શારીરિક સંબંધો બાંધી લે અને આગળ વધે.

અત્રે લેખના ફકત કેટલાક અંશ જ રજૂ કરવામાં આવ્યા છે જેમાં વ્યકત કરાયેલ ચિંતા વાજબી છે અને ધાર્મિક છે. તેમાં કોઈ રાજકારણ નથી. ઈતિહાસ ગવાહ છે કે જયારે જયારે શાસકોએ પોતાના રાજકીય હિતો માટે ઈસ્લામી શરિઅતમાં છેડછાડ–રદ્દો બદલ કરવાના પ્રયત્ન કર્યા છે ત્યારે આલિમો એ તે રાજકીય બાબતનો વિરોધ કર્યો છે. ભારતનો શકિતશાળી શાસક મુગલ બાદશાહ અકબરે જયારે ઈસ્લામી શરિઅતમાં હસ્તક્ષેપ કરી મનઘડત 'દીને ઈલાહી' રજૂ કર્યો ત્યારે મુજદ્દીદ અલ્ફેસાની હઝરત અહમદ સરહિન્દી (રહમતુલ્લાહ અલયહે) અને અન્ય ઉલમાએ હક્કે તેનો ભરપૂર વિરોધ કર્યો હતો. અંગ્રેજો પણ ભારતમાં મનફાવે તેવો વર્તન કરવા લાગ્યા હતા ત્યારે ભારતીય ઉલમાઓએ અંગ્રેજો સામે લડતનો આદેશ બહાર પાડયો હતો. કાદિયાની ફિત્નાએ ભારતીય મુસ્લિમ સમાજમાં ધાર્મિક નુકસાન કરવાના પ્રયત્નો કર્યા ત્યારે પણ સર્વ મસલકના આલિમો એક મંચ પર આવી તેને બિનઈસ્લામી જાહેર કર્યો છે. ન્યૂ યોર્કની ૯–૧૧ની આતંકી ઘટના બાદ ભારતમાં પણ આતંકી ઘટનાઓ ઘટવા લાગી ત્યારે તમામ મસ્લકના આલિમોએ સાથે મળીને 'આતંકવાદ બિનઈસ્લામી કૃત્ય' તરીકે નો ફતવો જારી કર્યો હતો.

વર્તમાન સમયે જરૂર છે કે ભારતના તમામ મસ્લકના આલિમો એક મંચ પર આવે અને એ બાબત પર પોતાનો મત વ્યકત કરે કે, "જો કોઈ રાજકીય સંગઠન કે નેતા રાજકીય હિત સાધવા મટે ઈસ્લામી શરિઅતમાં મનઘડત ફેરફાર કરી તેને લાગુ કરી તેના પર મુસ્લિમોને અમલ માટે ફરજ પાડે તો તે બાબતે દીને ઈસ્લામ શું કહે છે અને તે કાર્યમાં મદદરૂપ થનાર મુસ્લિમો માટે શું આદેશ છે?" ઉક્ત પ્રશ્ન અંગે દીન–શરિઅતનો જે કંઈ હુકમ હોય તેના પર તમામ મસ્લકના ટોચના આલિમોના હસ્તાક્ષર હોવા જોઈએ, અને લોકતાંત્રિક–કાનૂની લડતના મંડાણ થવા જોઈએ



## શરઈ અહ્કામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

# તય્યમુમ

**(ગતાંકથી ચાલુ)**

જે માટીથી **તય્યમુમ** કરવામાં આવે તે પાક હોવી જરૂરી છે, એટલે કે તેના પર કોઈ નાપાકીની અસર ન હોય અને જો આ માટી પર કોઈ **નજાસત (નાપાકી)** લાગેલી હોય અને ત્યારબાદ માત્ર સુકાઈ જવાથી નાપાકીની અસર દૂર થઈ ગઈ હોય, તો આવી માટીથી **તય્યમુમ** કરી શકાય નહિં.

જે વસ્તુ પર નાપાકી પડી હોય અને પછી તે સુકાઈ ગઈ હોય, તો તેનાથી **તય્યમુમ** કરી શકાતું નથી, ભલે નાપાકીની અસર દેખાતી ન હોય. પણ એવી જગ્યાએ નમાઝ પઢી શકાય છે, એટલે કે જો જમીન પર કોઈ પશુએ ગંદકી કરી ત્યારબાદ તે સુકાઈ ગઈ હવે ગંદકીની અસર બાકી નથી તો આ જમીન પર નમાઝ પઢવામાં વાંધો નથી. પરંતુ તેના વડે **તય્યમુમ** કરી શકાશે નહીં. ઘણીવાર એવું થાય છે કે આપના મનમાં વિચાર આવે કે શંકા ઉપજે કે કદાચ આ માટી પર ક્યારેક ગંદકી લાગેલી હશે, કદાચ એ કદી નાપાક થઈ હશે એવી શંકા વ્યર્થ છે અને તેનું કોઈ મહત્વ નથી. અર્થાત્ જો જમીન પર નજાસતની કોઈ અસર જોવા નથી મળતી તો માત્ર એવી ધારણા કરવી કે કદાચ તે નાપાક હોઈ શકે છે એનો કોઈ મતલબ નથી. વાત એ છે કે તમે જોયું છે કે પશુએ અહીં ગંદકી કરી હતી તે સુકાઈ ગઈ તો તેના વડે **તય્યમુમ** ન કરો. માત્ર વહેમ કે શંકાના આધારે કોઈ વસ્તુ નાપાક સાબિત નથી થતી.

**તય્યમુમ** તે જ વસ્તુથી કરી શકાય છે જે જમીનની જાતમાં આવે છે. તે વસ્તુઓથી **તય્યમુમ** માન્ય નથી જે જમીનની જાતમાંથી ન હોય. એવી વસ્તુ જે આગમાં બળીને રાખ ન બને, ઓગળે નહીં કે નરમ ન થાય, તે જમીનની જાતમાંથી માનવામાં આવે છે અને તેનાથી **તય્યમુમ** જાઈઝ છે. જેમ કે રેતી, ચૂનો, સૂરમા, હર્તાલ, ગંધક, મુળખ, ગેરું, પથ્થર, ઝબર્જદ, ફિરોઝા, અકીક, ઝમરૂદ વગેરે રત્નોથી **તય્યમુમ** જાઈઝ છે, ભલે તેના પર ધૂળ ન હોય.

પકવેલી ઈંટ, ચીનાઈ માટીના વાસણ પર, એવી વસ્તુ હોય જે જમીનની જાતમાં આવે છે, જેમ કે ગેરું, ખરિયા અથવા માટી હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે. પરંતુ જો તે પદાર્થ જમીનની જાતનો ન હોય જેમકે કાચ તેના વાસણ પર મજબૂત રૂપે લાગેલો હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ નથી. જો મીઠું પાણીમાંથી બનેલું હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ નથી. પણ જો મીઠું ખાણમાંથી મળેલું હોય, જેમ કે સેંધા નમક, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે.

જે આગમાં બળીને રાખ બને છે, જેમ કે લાકડું કે ઘાસ અથવા જે ઓગળે છે કે નરમ થાય છે, જેમ કે ચાંદી, સોનું, તાંબુ, પીતળ, લોઢું વગેરે ધાતુઓ, તે જમીનની જાતમાંથી નથી અને તેનાથી **તય્યમુમ** જાઈઝ નથી. પરંતુ જો ધાતુઓ ખાણમાંથી કાઢીને ઓગાળવામાં ન આવી હોય અને તેમાં હજુ માટીનાં અંશ બાકી હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે. જો ધાતુઓ ઓગાળીને સાફ કરવામાં આવી હોય, અને તેમાં એટલી ધૂળ હોય કે તે હાથ મારવાથી હાથ પર દેખાય, તો તે ધૂળથી **તય્યમુમ** જાઈઝ છે, નહીં તો નહિં.

અનાજ (ઘઉં, જુવાર વગેરે), લાકડું, ઘાસ અથવા કાચ પર ધૂળ હોય અને તે ધૂળ (રજ) એટલી હોય કે હાથ પર લાગતી હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે. જો તે એટલી ન હોય કે હાથ પર લાગે, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ નથી. મુશ્ક, અંબર, કપૂર અને લોબાનથી **તય્યમુમ** જાઈઝ નથી.

મોતી, શંખ અને ઘોંઘાંથી તય્યમુમ જાઈઝ નથી, ભલે તે પિસાઈ ગયેલા હોય અને આ વસ્તુઓમાંથી બનેલા ચૂના (શંખજીરું)થી પણ **તય્યમુમ** જાઈઝ નથી. જમીન અથવા પથ્થર બળીને કાળો થઈ જાય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે. કોઈ પણ વસ્તુ સળગી ગયા પછી જેમકે લાકડું, છાણ વગેરેની રાખથી **તય્યમુમ** જાઈઝ નથી, પરંતુ જો પથ્થર બળીને રાખ બની જાય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે.

જો માટીમાં રાખ ભળેલી હોય અને માટી વધારે પ્રમાણમાં હોય, તો તેનાથી **તય્યમુમ** જાઈઝ છે; પરંતુ જો રાખનું પ્રમાણ વધુ હોય, તો જાઈઝ નથી. પીળી, લાલ, લીલી, કાળા રંગની માટીથી **તય્યમુમ** જાઈઝ છે, પરંતુ જો રંગ છૂટીને હાથ અથવા ચહેરા પર લાગી જાય, તો સખત જરૂરિયાત વિના તેનાથી **તય્યમુમ** જાઈઝ નથી.

ચૂનાની દિવાલ પરથી **તય્યમુમ** જાઈઝ છે. કૃત્રિમ મુળખ (મૃત પથ્થર) પરથી **તય્યમુમ** જાઈઝ નથી. મોંગા અથવા તેની રાખથી તય્યમુમ જાઈઝ નથી.

જે જગ્યાથી એક વ્યક્તિએ **તય્યમુમ** કર્યું હોય, ત્યાંથી બીજું વ્યક્તિ પણ **તય્યમુમ** કરી શકે છે. આ વાત ખોટી છે કે મસ્જિદની દિવાલ અથવા જમીન પરથી **તય્યમુમ** કરવું નાજાયઝ અથવા મકરૂહ છે. જે રીતે **વુઝૂ** કરતા સમયે પાણી હાથમાં લીધું હોય અને **વુઝૂ** તૂટવાનો કોઈ કારણ બને તો હાથમાં લીધેલો પાણી **મુસ્તઅમલ** થઈ જશે, તેના વડે **વુઝૂ** થઈ શકતું નથી. તે જ રીતે જો **તય્યમુમ** માટે જમીન પર હાથ માર્યો હોય, પરંતુ મસહ કરવાની પહેલાં જ **તય્યમુમ** તૂટવાનો કોઈ કારણ બની જાય, તો તેનાથી **તય્યમુમ** કરી શકાતું નથી. **(પૂર્ણ)**

**સૂચના : અહીં 'તય્યમુમ' વિષય પૂર્ણ થાય છે, આવતા અંકથી ઈન્શાઅલ્લાહ 'નમાઝની શરતો' વિષય રજૂ કરવામાં આવશે.**

## મુસ્લિમ ધોબી સમાજને બક્ષીપંચ–EWSમાં સમાવવા રજૂઆત

(ન્યૂઝ ડેસ્ક)



કચ્છ મુસ્લિમ ધોબી સમાજના હોદેદારોએ તા. ૭–૨ ના કચ્છ કલેકટરશ્રી અમિત અરોરાને રૂબરૂ મળી રજૂઆત કરી હતી કે મુસ્લિમ ધોબી સમાજને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC – બક્ષીપંચ) અને આર્થિક રીતે નબળો વર્ગ (EWS)માં સમાવવામાં આવે.

અગ્રણીઓએ લેખિત રજૂઆત કરી છે કે, મુસ્લિમ ધોબી સમાજે વર્ષોથી રાજ્ય અને ખાસ કરીને કચ્છ જીલ્લામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, છતાં શૈક્ષણિક અને આર્થિક રીતે ઘણાં પછાત રહ્યા છે. SEBC યાદીમાં ૨૦મા ક્રમે ધોબી જ્ઞાતિનો સમાવેશ હોવા છતાં હિન્દુ અને મુસ્લિમ ધોબી સમાજ માટે સ્પષ્ટ ઉલ્લેખનો અભાવ હોવાથી, મુસ્લિમ ધોબી સમાજ હજી પણ લાભોથી વંચિત છે. ગરીબી રેખા નીચેના ધોબી સમાજના અનેક પરિવારો આ મુજબના ટેક્નિકલ કારણોસર EWSના લાભોથી વંચિત રહી જવા પામેલ છે, જેને તાત્કાલિક ઉકેલવાની જરૂર છે.

આ રજૂઆતમાં ભુજ ધોબી સમાજના પ્રમુખ ઓસમાણ રમજુ ધોબી, ઉપપ્રમુખ શહેઝાદ સમા, માંડવી ધોબી સમાજના પ્રમુખ હાજીઆદમ ધોબી, અંજાર ધોબી સમાજના પ્રમુખ કાદર હાજી અલીમોહમ્મદ ધોબી, મુંદરા ધોબી સમાજના પ્રમુખ જાવેદ ધોબી, સમાજના વરિષ્ઠ અને યુવા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી

**હેપ્પી કિડ્સ ખત્ના** @sakilshikari

**લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર**



શકીલ થૈબા શિકારી Children Circumision

બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી

પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક

થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.

સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.

આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.

# માવિત્રોના હક્કો અંગે સલીમશા બાપુએ કુર્આન મજીદની નીચે મુજબની આયતો ટાંકી હતી

**• "તારા રબે ફેંસલો કરી દીધો છે કે તમે કોઈની ઉપાસના ન કરો, પરંતુ કેવળ તેની. માતા–પિતા સાથે સારો વ્યવહાર કરો. જો તમારા પાસે તેમાંથી કોઈ એક, અથવા બંને, વૃધ્ધ થઈને રહે તો તેમને ઊંહકારો (ઉફ્) પણ ન કહો, ન તેમને ધુત્કારીને જવાબ આપો, બલ્કે તેમના સાથે આદરપૂર્વક વાત કરો.**

**અને નમ્રતા અને મહેરબાની સાથે તેમના સામે નમીને રહો અને આ દુઆ કર્યા કરો કે, "પાલનહાર ! આમના ઉપર દયા કર જે રીતે તેમણે મમતા અને સ્નેહપૂર્વક મને બાળપણમાં ઉછેર્યો હતો." (સૂરઃ બની ઈસરાઈલ, ૨૨, ૨૩)**

**• "યાદ કરો, ઈસરાઈલની સંતાન પાસેથી અમે પાકું વચન લીધું હતું કે અલ્લાહ સિવાય કોઈની બંદગી (ઉપાસના) ન કરશો અને માતા–પિતા સાથે, સગાઓ સાથે, અનાથો અને ગરીબો સાથે સદ્વર્તન કરશો, લોકોને ભલી વાત કહેશો, નમાઝ કાયમ કરશો અને ઝકાત આપશો." (સૂરઃ બકરહ, આયત–૮૩)**

**• "અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા–પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા–સંબંધીઓ અને અનાથો અને જરૂરતમંદ લોકો સાથે સદ્વર્તન દાખવો, અને પાડોશી સગા સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ અને મુસાફરો સાથે, અને તે દાસ–દાસીઓ સાથે જેઓ તમારા કબજામાં હોય ભલાઈનું વર્તન દાખવો, વિશ્વાસ રાખો કે અલ્લાહ કોઈ એવી વ્યક્તિને પસંદ નથી કરતો જે પોતાના અહંકારમાં ગળાડૂબ અને મોટાઈનું ઘમંડ કરે." (સૂરઃ નિસા, આયત–૩૬)**


**• "અને એ હકીકત છે કે અમે મનુષ્યને પોતાના માતા–પિતાના હક્ક ઓળખવાની સ્વયં તાકીદ કરી છે. તેની માતાએ કમજોરી ઉપર કમજોરી સહન કરીને તેને પોતાના પેટમાં રાખ્યો અને બે વર્ષ તેના દૂધ છૂટવામાં લાગ્યા. (એટલા માટે અમે તેને શિખામણ આપી કે) મારો આભાર માન અને આભાર માન અને પોતાના માતા–પિતા પ્રત્યે આભાર વ્યક્ત કર, મારા જ તરફ તને પાછા ફરવાનું છે." (સૂરઃ લુકમાન, આયત–૧૪)**

**• અમે મનુષ્યને તાકીદ કરી કે તે પોતાના માતા–પિતા સાથે સદ્વ્યવહાર કરે. તેની માતાએ કષ્ટ ઉઠાવીને તેને પેટમાં રાખ્યો અને કષ્ટ ઉઠાવીને જ તેને જન્મ આપ્યો, અને તેના ગર્ભ અને દૂધ છોડાવવામાં ત્રીસ મહિના લાગી ગયા. ત્યાં સુધી કે જ્યારે તે પોતાની પૂર્ણ શક્તિએ પહોંચ્યો અને ચાળીસ વર્ષનો થઈ ગયો તો તેણે કહ્યું, "હે મારા રબ ! મને પ્રેરણા આપ કે હું તારી તે કૃપાઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવું જે તેં મને અમે મારા માતા–પિતાને પ્રદાન કરી, અને એવા સદ્કાર્યો કરૂં જેનાથી તું પ્રસન્ન થાય, અને મારી સંતાનને પણ સદાચારી બનાવીને મને સુખ આપ, હું તારા સમક્ષ તૌબા (ક્ષમા) કરૂં છું અને આજ્ઞાંકિત (મુસ્લિમ) બંદાઓ પૈકી છું." (સૂરઃ અહકાફ, આયત–૧૫)**

**• "અમે મનુષ્યને આદેશ આપ્યો કે પોતાનાં માતા–પિતા સાથે સદ્વ્યવહાર કરે, પરંતુ જો તેઓ તારા ઉપર દબાણ કરે કે તું મારા સાથે કોઈ એવા (ઉપાસ્ય)ને ભાગીદાર ઠેરવે જેને તું (મારા ભાગીદાર તરીકે) નથી જાણતો તો તેમનું કહ્યું ન માન. મારા જ તરફ તમને સૌને પાછા ફરીને આવવાનું છે, પછી હું તમને બતાવી દઈશ કે તમે શું કરતા રહ્યા છો." (સૂરઃ અન્કબૂત, આયત–૮)**

## ખલીફા સમાજના અગ્રણીનું અવસાન

(ન્યૂઝ ડેસ્ક) કચ્છ ખલીફા સમાજના સેવાભાવી હમદર્દ અબ્દુલ ઈબ્રાહીમ ખલીફાનું હૃદય રોગના હુમલાને કારણે અવસાન થતા સમસ્ત ખલીફા સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મર્હૂમ સમાજમાં નિસ્વાર્થ ભાવે સમૂહશાદી સહિત નેક કામમાં સક્રિય રૂપે ભાગ લેતા હતા. તેઓ ખલીફા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના શિક્ષણ પ્રતિનિધિ તરીકે, ભુજ શહેર ખલીફા સમાજના કારોબારી સભ્ય તથા દાદા જલાલ ચેરિટેબલ ટ્રસ્ટના સહમંત્રી તરીકે સમાજમાં સેવા આપી રહ્યા હતા. તેઓ પ્રેમાળ, રમુજી, નિખાલસ, મિલનસાર સ્વભાવના હતા.



## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | મગ્રીબ | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૧૭–૦૨–૨૫ | ૭–૨૭ | ૬–૪૯ | ૧–૦૮ | ૫–૦૫ | ૫–૫૯ | ૬–૫૩ |
| ૧૮–૦૨–૨૫ | ૭–૨૬ | ૬–૪૯ | ૧–૦૮ | ૫–૦૫ | ૫–૫૮ | ૬–૫૩ |
| ૧૯–૦૨–૨૫ | ૭–૨૬ | ૬–૫૦ | ૧–૦૮ | ૫–૦૫ | ૫–૫૮ | ૬–૫૪ |
| ૨૦–૦૨–૨૫ | ૭–૨૫ | ૬–૫૦ | ૧–૦૭ | ૫–૦૫ | ૫–૫૭ | ૬–૫૪ |
| ૨૧–૦૨–૨૫ | ૭–૨૪ | ૬–૫૧ | ૧–૦૭ | ૫–૦૫ | ૫–૫૭ | ૬–૫૫ |
| ૨૨–૦૨–૨૫ | ૭–૨૩ | ૬–૫૧ | ૧–૦૭ | ૫–૧૦ | ૫–૫૬ | ૬–૫૫ |
| ૨૩–૦૨–૨૫ | ૭–૨૨ | ૬–૫૧ | ૧–૦૭ | ૫–૧૦ | ૫–૫૫ | ૬–૫૫ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી

અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી

કંડલા માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી

ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી

રાપર માટે ૬ મિનિટ બાદ કરવી

નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી

નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી

લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

## અખિલ કચ્છ નોડે સમાજ
# સુપર 8 ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



(ન્યૂઝ ડેસ્ક)

અખિલ કચ્છ નોડે સમાજ દ્વારા સુપર 8 ક્રિકેટ ટુર્નામેન્ટ મીરઝાપર ગ્રાઉન્ડ ખાતે યોજાઈ જેમાં કચ્છની નોડે સમાજની ૧૪ ટીમએ ભાગ લીધો હતો. અંતમાં ફાઈનલ મેચ કિંગ આરોન–૧૧ (ભુજ) / અરબાબ–૧૧ (નાગોર, તા. અબડાસા) વચ્ચે રમાઈ હતી જેમાં કિંગ આરોન ભુજનો ૧૧ રનથી વિજય થયો હતો. ફાઈનલ ટ્રોફી સમાજ અગ્રણી અનવર જુમા નોડે, ગની કુંભાર, ઈમરાન જે. નોડે, વિજેતા કેપ્ટન અશરફ આઈ. નોડેને આપી હતી.

આ પ્રસંગે ઈકબાલ નોડે, અલીમામદ નોડે, રાયબ નોડે, અકબર નોડે, અકીલ નોડે, જુમા નોડે ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા મુસ્તાક એ. નોડે, અશરફ નોડે, રફીક નોડે, અહેમદ નોડે, અયુબ નોડે, ઈલ્યાસ નોડે, સોયબ નોડે, શકુર નોડે, અસલમ નોડેએ સંભાળી હતી.

મેન ઓફ ધ સીરીઝ ભચુ ભચાયા નોડે, બેસ્ટ બોલર સકીલ નોડે, બેસ્ટ બેટ્સમેન નઝીર નોડે, બેસ્ટ ફિલ્ડર સાલેમામદ નોડે, ફાઈનલ મેન ઓફ ધ મેચ સોયબ નોડે રહ્યા હતા.

# ગુજરાત કુંભાર સમાજ ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(ન્યૂઝ ડેસ્ક)

અખિલ કચ્છ કુંભાર સમાજનાં પ્રમુખ રફીકભાઈ મારાની અધ્યક્ષતામાં અખિલ ગુજરાત કુંભાર સમાજની ડે–નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ જેમાં કચ્છ અને ગુજરાતની ૨૭ ટીમોએ ભાગ લીધો. ફાઈનલ મેચ જાંબુડી ઈલેવન અને અંજાર વચ્ચે યોજાઈ. આ ફાઈનલ મેચમાં જાંબુડી ઈલેવન વિજેતા થઈ હતી. ફાઈનલ મેચની શરૂઆત રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી. મેચનો પ્રારંભ અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિના પ્રમુખ અબ્દુલ રાયમાના હસ્તે ટોસ ઉછાળીને કરવામાં આવી.

આ ટુર્નામેન્ટનો મકસદ ગરીબ અને વિધવા બહેનો માટે માહે રમઝાન માસ દરમ્યાન રાશન કિટોનું વિતરણ કરવી છે.

આ ટુર્નામેન્ટમાં તમામ મેચ YouTube ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવી જેથી સમાજના ભાઈઓ દેશ–વિદેશમાં મેચ નિહાળી શકે.

આ પ્રસંગે ગરાસિયા સમાજના જીલ્લા પ્રમુખ સાલેમામદ પઢિયાર, સાટી સમાજના પ્રમુખ અબ્દુલ સાટી, કેર સમાજના પ્રમુખ કેર અલીમોહમ્મદ, હિંગોરા સમાજના પ્રમુખ હાજીયુનુસ હિંગોરા, ખત્રી સમાજ પ્રમુખ મુસા ખત્રી, ખલીફા સમાજના પ્રમુખ સલીમ ખલીફા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કુંભાર સમાજના અગ્રણીઓ હાજીસિદ્દીક (કોઠારા), હાજીમામદ જખરીયા, કાસમભાઈ (પૂર્વ સરપંચ માતાનામઢ), મામદ બોલિયા (મુંદરા), હાજી જુસબ (અંજાર), અબૂ મારા (ભુજ) ઈસ્માઈલભાઈ (ગોડપર), જુસબભાઈ (ધાણેટી), રમજુભાઈ (સુમરાસર), ગની તાલબ (ભુજ), ઈબ્રાહીમભાઈ (માંડવી), ઉમરભાઈ (ભદ્રેશ્વર), રઝાક મારા (કોટડા મઢ), મૌલાના ઈશા (લખપત), હાજીસિદ્દીક હસનીયા (ભુજ), હાજીઈશા જુમા (ભુજ), અબ્બાસ હસનીયા, રમજુભાઈ (સુમરાસર), કાસમ વેલણ, ઈસ્માઈલભાઈ (ભારાપર), હાજીગની (ભારાપર), સાલેમામદ (માનકુવા), ભુજ યુવા પ્રમુખ કાદર (સુમરાસર), સિકંદર મારા (ભુજ), સલીમ કાલાણી, ઈમરાન બ્રેર, ઝૈદ કુંભાર (ભુજ), સુલેમાન છસરાવારા, ઈબ્રાહીમભાઈ (ગોડપર), જુસબભાઈ (ગોડપર), શકુર સાજનવાળા, આફરીન બ્રેર, ઓસમાણ રેહાઈ, સતાર રેહાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



અખિલ કચ્છ યુવા સમિતિના પ્રમુખ હારૂનભાઈ નેત્રાવાળાએ મહેમાનોને આવકાર્યા હતા. ફાઈનલનું સંચાલન ગની કુંભારે કર્યું હતું. કોમેન્ટ્રીની સેવા ગની કુંભાર અને જુનેદ ભદ્રેશ્વરવાળાએ આપી હતી. કો–પ્રોજેક્ટ મજીદ મારા, જુનેદ હાજી હનીફ મેન, અમીન બ્રેરે સંભાળ્યું હતું. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માઈઝ બ્રેર, અભુ મારા, અકબર હસણીયા, સોહેબ મોરારીયા, અબ્બાસ મારાએ જહેમત ઉઠાવી હતી.

# અંતરજાળ સુન્ની મુસ્લિમ જમાતના હોદેદાર વરાયા



| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | ખજાનચી | સલાહકાર |
|---|---|---|---|---|

(ન્યૂઝ ડેસ્ક) અંતરજાળ (તા. ગાંધીધામ) ખાતે સુલ્તાનશા વલીના પ્રાંગણમાં સુન્ની બિરાદરોની એક મીટિંગ મળી હતી જેમાં નીચે મુજબના હોદેદારોની વરણી થઈ :

પ્રમુખ – અલ્તાફ ગની સોઢા, ઉપપ્રમુખ – સુલ્તાન સાલેમામદ સોઢા, મંત્રી – જુસબ તૈયબ બાપડા, ખજાનચી – સુલેમાન સોઢા, સહમંત્રી – જુસબ આમદ સોઢા, સલાહકાર – સૈયદ હાજીસલીમ એમ. શાહ તથા કારોબારી સભ્ય તરીકે અસગર જુસબ સોઢા, સદામ અનવર ખલીફા, જાફર આમદ સોઢા, સિકંદર અનવર ખલીફા, રઝાક જુસબ સોઢા, અલ્તાફ સુલેમાન સોઢા, ઈકબાલ સુલેમાન સોઢા, અબ્દુલ સાલેમામદ સોઢા, નૂરમામદ આમદ સોઢા, તાલબ સાલેમામદ સોઢા, કરીમ ઉમરિયા ખલીફા, મજીદ હમીર રાયસીની વરણી થઈ છે.

(પ્રથમ પાનાથી ચાલુ)

**ગઢશીશા વિસ્તારમાં શિફા...**

કોરોના કાળમાં ટ્રસ્ટની સ્થાપના, ત્યારબાદની કામગીરી અને ઝડપભેર આગળ વધી રહેલ બાંધકામની વિગતો આપી હતી. ટ્રસ્ટનાં મંત્રી ઈસ્માઈલ એ. સોનેજી, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ ઉપસ્થિત રહ્યા હતા. ગઢ શીશા મુસ્લિમ સમાજના અગ્રણીઓએ અપીલ કરી હતી કે જ્યારે જ્યારે ગામમાં ખુશીના પ્રસંગો હોય છે ત્યારે મસ્જિદોમાં દાન આપવામાં આવે છે, તેની સાથે સાથે શિફામાં પણ દાન આપવામાં આવે.

આ પ્રવાસમાં **રૂા. ૫ લાખ** ખલીફા હાજી અબ્દુલરહેમાન, **રૂા. ૫ લાખ** મેમણ હાજી સુલેમાન અબ્દુલરહેમાન પરિવાર, **રૂા. ૫ લાખ** મેમણ નૂરમામદ ઐયુબ પરિવાર, **રૂા. ૫ લાખ** ખલીફા હાજીઆમદ હાજીફકીરમામદ, **રૂા. ૨,૨૨,૭૮૬/–** મર્હૂમ મેમણ હાસમ સિદ્દીક પરિવાર, **રૂા. ૧,૧૧,૧૧૧/–** મર્હૂમ ખત્રી ઈબ્રાહીમ અબ્દુલલતીફ પરિવાર, **રૂા. ૧,૦૭,૭૮૬/–** મર્હૂમા રહીમાબાઈ સિદ્દીક પરિવાર હ: ઈબ્રાહીમભાઈ, **રૂા. ૫૧,૦૦૦/–** રાયમા હાજીઆમદ હાજીઈલ્યાસ, **રૂા. ૫૦,૦૦૦/–** મર્હૂમા હાજીયાણી રહીમાબાઈ અબ્દુલ્લા હ: હાસમભાઈ, **રૂા. ૫૦,૦૦૦/–** રાયમા અનવરહુસૈન હાજી સુલેમાન પરિવાર, **રૂા. ૩૧,૦૦૦/–** રાયમા ફકીરમામદ મામદ હ: સાજિદ, **રૂા. ૨૫,૭૮૬/–** મેમણ હાજીઅનવરહુસૈન મોહમ્મદ રાજપુરીયા, **રૂા. ૨૫,૦૦૦/–** રાયમા રમઝાન સુલેમાન, **રૂા. ૨૫,૦૦૦/–** ખલીફા હાજી ઉસમાનગની હુસૈન, **રૂા. ૨૨,૦૦૦/–** રાજપર મુસ્લિમ જમાત, **રૂા. ૨૧,૭૮૬/–** રાયમા હાજી કાસમ સુલેમાન, **રૂા. ૧૭,૭૮૬/–** મેમણ અબ્દુલહમીદ ઈશાક, **રૂા. ૧૫,૭૬૮/–** ગોરેપોત્રા હાજીઈસ્માઈલ પરિવાર (માજી પેશઈમામ), **રૂા. ૧૫,૦૦૦/–** હમલા મંજલ સુન્ની મુસ્લિમ જમાત, **રૂા. ૧૦,૭૮૬/–** ભેરૈયા મુસ્લિમ જમાત, **રૂા. ૧૧,૦૦૦/–** સાટી સુલેમાન હાજી ભચલ, **રૂા. ૧૦,૦૦૦/–** રાયમા સતાર ઝકરીયા, **રૂા. ૧૦,૦૦૦/–** મેમણ નૂરમામદ સિદ્દીક – વરાડીયાવાળા, ભીટારા (તા. નખત્રાણા) સુન્ની મુસ્લિમ જમાત તથા અનેક દાતાઓએ દિલ ખોલીને ફાળો આપ્યો હતો.

આ મીટિંગમાં ગઢ શીશા ઉપરાંત રાજપર, ભીટારા (નખત્રાણા), ભેરૈયા, કોટડા, હમલા–મંજલ, પોલડીયા વગેરે ગામોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગઢશીશા મુસ્લિમ સમાજના અગ્રણીઓ તથા યુવા સમિતિએ વ્યવસ્થા સંભાળી હતી.

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલઃ જુનબી (જનાબતના ગુસલવાળો – જેના ઉપર ગુસલ કરવું ફર્ઝ થઈ ગયું હોય તે) મોજા ઉપર મસહ કરે યા ન કરે ?**

*જવાબઃ જુનબીને ગુસલ કરતી વખતે મોજા ઉતારીને પગ ધોવા વાજીબ છે, મસહ (સ્પર્શ) કરી શકશે નહિં. (આલમગીરી પેજ–૩૪, દુર્રે મુખ્તાર પેજ–૨)*

**સવાલઃ એક માણસે જનાબતનું ગુસ્લ નગ્ન થઈને કર્યું અને ગુસલથી પહેલાં વુઝૂ પણ કર્યું તો શું એ વુઝૂથી તે નમાઝ પઢી શકે છે કે નહિં ?**

*જવાબઃ એ વુઝૂથી નમાઝ પઢી શકે છે કારણ કે નગ્ન થઈને ગુસલ કરવું નાકીસે વુઝૂ નથી. (એટલે કે વુઝૂ તોડનાર નથી) (બહારે શરીઅત ભાગ–૨, પેજ–૨૮)*

**સવાલઃ એક માણસ રસ્તા ઉપર જઈ રહ્યો હતો અને ગાય કે ભેંસે પેશાબ કર્યો અને તેના છાંટા તેના કપડાં ઉપર પડે તો એથી તે નમાઝ પઢી શકે છે ? કે કપડાં ધોવા પડશે ?**


*જવાબઃ અગર બિલ્કુલ જીણાં જીણાં બારીક છાંટા પડયા હોય તો એને માફ છે અને જરૂરતના સમયે નમાઝ પઢી શકે છે. પણ જો વધુ પડયા હોય અને મોટા છાંટા પડયા હોય તો ધોવું જરૂરી છે. (આલમગીરી પેજ–૪૭; ફતાવા રઝવિયા પેજ–૧૩૫)*

**સવાલઃ હૈઝ અને નિફાસવાળી (માસિક સ્ત્રાવ અને બાળકના પેદા થવા પછીના સ્ત્રાવવાળી ઔરત)નું તથા જનાબતવાળીનું એંઠું કેવું છે ?**

*જવાબઃ જુનબી (એવી ઔરત જેણે ગુસલ કરવો ફર્ઝ છે) અને હૈઝવાળી તથા નિફાસવાળીનું એંઠું પાક છે. (આલમગીરી પેજ–૨૪; દુર્રે મુખ્તાર પેજ–૧૧૧)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ. મો. : ૯૮૭૯૮ ૪૩૦૧૮

## પ્રશ્નોત્તરી – ૧૨૨૭




**(૧)** ક્યા નબીને ગુલામમાંથી બાદશાહ બનાવવામાં આવ્યા ?
**(૨)** જન્નતુલ બકીમાં સૌથી પહેલાં ક્યા સહાબીને દફન કરવામાં આવ્યા ?
**(૩)** ક્યા ભારતીય રેલ્વે સ્ટેશન પર પાસપોર્ટ અને વિઝા વગર જઈ શકાતું નથી ?
**(૪)** ભારતમાં હરિત ક્રાન્તિ પછી મુખ્યત્વે કયા બે પાકોમાં ઉત્પાદનમાં વૃધ્ધિ થઈ ?
**(૫)** રફીક રૂસ્તમથી એટલો નાનો છે જેટલો તે રાહીલથી મોટો છે. રૂસ્તમ અને રાહીલની ઉમરનો સરવાળો ૪૮ વર્ષ છે. તો રફીકની ઉમર કેટલી હશે ?

**પરખ–૧૨૨૫નાં જવાબ :**
(૧) હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં સૌથી મોટા ચાચા હારિસ અને સૌથી નાના હઝરત અબ્બાસ રદિયલ્લાહો અન્હો હતા.
(૨) હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામએ ૭૨ બુતો તોડી નાખ્યા એક બાકી રાખ્યો.
(૩) મદુરાઈને તહેવારોનો શહેર કહેવામાં આવે છે.
(૪) મેગેસ્થનીસે મૌર્યવંશ વિશે લખેલું પુસ્તક ઈન્ડિકા છે.
(૫) ઈ.સ. ૨૧૦૦ માં ફેબ્રુઆરીમાં કુલ ૨૮ દિવસો હશે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**
આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

રમઝાન મુબારક આયા... ખુશીયોં કા પૈગામ લાયા
એક્ષપોર્ટ ક્વોલિટી ખજુર | ઝમઝમ મિલ્ક જેલી | ૩૦ ફ્લેવર્સ શરબત
ચાઈના ગ્રાસ સ્ટાર કેક | સ્પે. ફ્રાયફ્રુટ ફાલુદા મિક્સ | કસ્ટર્ડ પાવડર ફિરની મિક્સ
* મિક્સ ફ્રુટ જામ * ક્રિસ્ટલ જેલી * જેલી ક્યૂબ્સ * ઈન્સ્ટંટ ચાઈના ગ્રાસ * ઈન્સ્ટંટ કેરેમલ પુડિંગ * સ્પે. ફાલુદા સેવ * કોર્ન ફ્લેક્સ * કલાકંદ (બરફી) મિક્સ * કુલ્ફી મિક્સ * બદામ શેક
રૂહઅફઝા શરબત
* જલજીરા-લીંબુપાણી * નારિયલ પાણી * વર્મિસીલી સેવ * ખમણ-ઢોકળા મિક્સ * દહિંવડા મિક્સ * પ્યાઝમ ખીર મિક્સ * રબડી મિક્સ * બાસુંદી મિક્સ * આઈસ્ક્રીમ મિક્સ * ગુલકંદ
* ચાઈનીઝ સોસ * બિસ્કીટ/કુકીસ * ગોવર્ધન ઘી * પીનટ બટર * માયોનિઝ * અથાણા * પાસ્તા/પિઝા સોસ * પિઝા ટોપિંગ્સ * બર્ગર સ્પ્રેડ * તૈયાર ફરસાણ * મેગી-હક્કા નૂડલ્સ * ઉપમા * તૈયાર મિઠાઈ * સેજવાન ચટણી * ટોમેટો કેચ-અપ
પવિત્ર રમઝાન માસના માલ-સામાનની ખરીદી માટેનું ભુજનું આગવું અને વિશ્વાસપાત્ર નામ એટલે...
HA હેમ એજન્સી
કંઢા ફળિયા, ભીડ બજાર, ભુજ. ફોન : ૨૨૦૨૨૧

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957

**: નોંધ :**

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી


શિફા
ડૉ. શિફા ખત્રી (B.P.T., GPC-19430) Mo. 8488998152
ફિઝિયો કલિનિક
હોમ વિઝિટની સુવિધા ઉપલબ્ધ છે
બાળકોથી વૃધ્ધો સુધી તમામ માટે ઉપચારક કસરત (ફિઝિયો થેરાપી) રાહત દરે કરાવવામાં આવશે
ભારતનગર, રોમાના ટાઉનશીપની સામે, પાટવાડી નાકા બહાર, ભુજ.

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર તથા હજ-ઉમરાહ હદીયા માટે ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين

વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes
AL HARAMAIN SWISS ARABIAN Rasasi

નામ : મો.કોનૈન ઈરફાન કુરેશી,
ધોરણ : ૬,
શાળા : મુસ્લિમ એજ્યુકેશન પ્રાયમરી સ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.





**છબી** 'છબી' વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

## મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ

**જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે**



આમદભા – ભુજ

**હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨**

હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.

ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.

ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.

સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.

**મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧** –વિચારક : આમદભા

**સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦**

**કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૯૯૯૦૯.**

Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044


## ખિદમતે ખલ્ક આયોજિત સમૂહશાદી ૧૬-૨ ના

(ન્યૂઝ ડેસ્ક) ખિદમતે ખલ્ક ગ્રુપ, માંડવી આયોજિત ૧૮મી સમૂહશાદી તા. ૧૬-૨, રવિવારના સવારે ૧૦ કલાકે યોજાશે. ફરઝંદે મુફતીએ કચ્છ મૌલાના સૈયદ અલ્હાજ મોહંમદ અમીનશા બાવા નિકાહની અદાયગી કરાવશે તથા ખિતાબ ફરમાવશે.

આ સમૂહશાદીમાં કુલ ૩૬ યુગલ નિકાહના મુકદ્દસ બંધનથી જોડાશે જેમાં ૧૭ દિકરીઓ ઝકાતપાત્ર છે જેમના નિકાહ ટોકન ચાર્જ પર કરાવી આપવામાં આવે છે. સમૂહશાદી સ્થળ : મખદૂમ હાજી ઈબ્રાહીમ (રહમતુલ્લાહ અલયહે) દરગાહ કમ્પાઉન્ડ, મોટા સલાયા, તા. માંડવી-કચ્છ.

## GPCC લઘુમતી વિભાગના ઉપાધ્યક્ષ વરાયા

(ન્યૂઝ ડેસ્ક) ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માઈનોરિટી ડિપાર્ટમેન્ટમાં વાઈસ ચેરમેન તરીકે જુમા ઈશા નોડેની નિમણુંક થતાં લાખાજી સોઢા (પ્રમુખ ભુજ તાલુકા કોંગ્રેસ), અમીરઅલી લોઢીયા (કચ્છ જીલ્લા કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના પ્રમુખ), અશરફશા સૈયદ, મામદ સંઘી (નોડે પૂર્વ નગર સેવક માંડવી), એ. એ. ઝરીવાલા, જુમા અલીમામદ સમા, હાજીહાસમ નોડે, સાહેબ રાયશી, અબૂબકર હાજી નોડે, હુસૈન ઈશાક કુંભાર, જુસબ નોડે (પ્રમુખ પૂર્વ કચ્છ નોડે સમાજ), અબ્દુલરઝાક ચિનાઈ, ઈશા મુતવા, લાલા નોડે, રહીમ નોડે, ચકાર મોરા, હાસમ નોડે (નાગોર), સુમાર રાણા હરિજન (પૂર્વ સરપંચ અંધો), નમરા મિશરી સુમરા, હાસમ આમદ નોડે, ઉગા ચોટા હરિજન (પૂર્વ સરપંચ મિશરીયાડા), રઝાક ચાકી, અમીન દરસ, મજના બંભા વગેરેએ ઉક્ત નિયુક્તિને આવકારી છે એવું પ્રવક્તા ગની કુંભારે યાદીમાં જણાવ્યું છે.



## નવસારી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી : ઈનામ વિતરણ સમારંભ યોજાયો




(ન્યૂઝ ડેસ્ક) નવસારી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીનો ૪૨મો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ વાજીદ હુસૈન દરગાહવાલાના પ્રમુખ પદે યોજાયો હતો. મુખ્ય મહેમાન પદે પ્રો. જે. કે. ટંડેલ, અતિથિ વિશેષ તરીકે Er. સીરાજ ઠાકોર (કેનેડા), ઝહિર શેખ (USA) અને નિવૃડત્ર Dy.S.P. સીરાજ ઝભા (સુરત) ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારા ડો. સાજિદ સૈયદ (Ph.D.), ડો. તેહસીન (Ph.D.), ડો. સાજીયા બેગમ સૈયદ (Ph.D.), ડો. ડાહ્યા મોહંમદનવાઝ (Ph.D.), ડો. આદિલ કાઝી, પ્રો. શફી વ્હોરા, સોહેબ અન્સારીભાઈ અને શિક્ષિકા સાહિસ્તા શેખ, પત્રકાર આરિફ નાલબંદ, અલ્માસ કાગઝી તેમજ અન્ય પ્રાથમિકથી અનુસ્નાતક સુધીના ૧૮૫ વિદ્યાર્થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મંત્રી નાદિરખાને અહેવાલ રજૂ કર્યો હતો. પ્રાસંગિક વિધિઓ કારોબારી સભ્યો ચાંદભાઈ જયપુરી, રફીક પટેલ, જુનેદ શેખ, ઈબ્રાહીમ સૈયદ તેમજ એડવોકેટ રજ્યોદ્દીન સૈયદ તથા તૌસીફ મલેકે પૂર્ણ કરી હતી. સંચાલન શિક્ષિકા મુમતાઝબેન ટુટનીવાલા તેમજ અઝીઝાબેન તાઈએ કર્યું હતું. કેનેડિયન ફોર ઈન્ડિયન સંસ્થાના પ્રમુખ અને કેનેડાના સીનિયર પત્રકાર ફિરોઝખાન તથા સમાજ સેવક સિરાજ ઠાકોરે શુભેચ્છા પાઠવી હતી.

## બોર્ડની પરીક્ષાનો ભય દૂર કરવા વાહેદના શાળામાં સેમિનાર યોજાયો



(ન્યૂઝ ડેસ્ક) ભુજમાં વાહેદના શિક્ષણ સંકુલ ખાતે બોર્ડની પરીક્ષાઓનો ભય દૂર કરવા સેમિનાર યોજાયો. સેમિનારનું આયોજન જી. કે. જનરલ હોસ્પિટલ - ભુજના મનોચિકિત્સક ડો. નિસર્ગ પરમાર દ્વારા ઉપયોગી જાણકારી અપાઈ હતી. નયનાબેન ચારણિયા દ્વારા બોર્ડની પરીક્ષાની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી તે અંગે વકતવ્ય અપાયો. સેમિનાર અંતે બોર્ડનાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજાયો.

સેમિનારની શરૂઆત તિલાવતે કુર્આનથી કરવામાં આવી. શાળાના ચેરમેન એડવોકેટ સૈયદ જલાલશા બાવા અંગ્રેજી માધ્યમના આચાર્યા સૈયદ સાનિયામા, મોહંમદહુસૈન મુન્શી દ્વારા મહેમાનોનું શાલ ઓઢાડી સ્વાગત કરાયો હતો. શાળાના ટ્રસ્ટી સૈયદ મોઈનુદ્દીન બાવાએ પરીક્ષા દરમ્યાન શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ કેવી રીતે રહેવાય તેની સમજણ આપી હતી.

કાર્યક્રમનું સંકલન એમ. આઈ. બાયડે કર્યું હતું. પ્રાથમિક વિભાગના આચાર્ય જુણેજા અબ્દુલગફાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય સુરેશ વી. કાનાણી હાજર રહ્યા હતા. સંચાલન શિક્ષિકા શ્રીમતી પલ્લવીબેન સોલંકીએ કરેલ.

**સામખીયારી માટે સ્ટાફ જોઈએ છે**

- સેલ્સમેન - ૧ (કરીયાણા લાઈનના અનુભવી)
- ઓનલાઈન માર્કેટીંગ - ૧
- ફીલ્ડ સેલ્સ અને માર્કેટીંગ - ૪
- બાઈક પોતાનું હોવું જરૂરી
- સામખીયારી-ભચાઉ રહેવાસીની પહેલી પસંદગી.

THE HOLY FIVE -પંજતન
ફોન : 8160122313, 8460919263.

**કંકોત્રી એલાઈટ પ્રિન્ટર્સ**
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ.
ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

**એલાઈટ ગ્રાફીક્સ**
કંકોત્રી, વિ. કાર્ડ, લેટરપેડ, બિલબુક, આમંત્રણ કાર્ડ વગેરે પ્રિન્ટીંગ માટે મળો
હસનપીર બજાર, મુન્દ્રા. ફોન : ૨૨૩૨૯૬

**ફ્રી મોબાઈલ રીપેરિંગ શિખવા માટે આજે જ સંપર્ક કરો**
આઈ. જે. ખત્રી : 8200775001
GSM WORLD
હોટલ આભા, જનતાઘરની બાજુમાં, બસ સ્ટેશન રોડ, ભુજ.
મોબાઈલ ફોન & એસેસરીઝ લેટેસ્ટ ટેકનોલોજી સાથે મોબાઈલ રીપેરિંગ
મોબાઈલ રીપેરિંગ ક્ષેત્રે કામ કરવા ઈચ્છતા લોકો માટે સોનેરી તક

**હજ્જ - ૨૦૨૫ બુકીંગ ચાલુ છે**
રૂા. 7,50,000/-
મક્કા : લી મેરીડીન અલ મુકરીમ (સીમ્લર) ૧૪ દિવસ
મદીના : અબરાજ તાબા, હયા પલાઝા (સીમ્લર) ૮ દિવસ
અઝીઝીયા - ૫ દિવસ, મીના - ૫ દિવસ, અઝીઝીયા - ૫/૬ દિવસ
● ટ્રોલી બેગ ● પાસપોર્ટ બેગ ● એહરામ ● ગાઈડ બુક ● મીના માટે બેગ
● મક્કા-મદીનાની ઝિયારતો ● લોન્ડ્રી ફ્રી ● મોઅલ્લીમ D કેટેગરી
● કુરબાની તેમજ તવાફે ઝિયારત હાજીઓએ પોતાના ખર્ચે (સ્વખર્ચે) કરવાની રહેશે.
: જોઈતા ડોક્યુમેન્ટ્સ :
● પાસપોર્ટ ● પાસપોર્ટ સાઈઝ ફોટા-૨ ● પાનકાર્ડ
● આધાર કાર્ડ (લિન્ક કરાવેલ હોવું જોઈએ) ● બેન્ક એકાઉન્ટ ડીટેલ
ખાદિમુલ હુજાજ ટુર્સ
SINCE 2006
હજ ◆ ઉમરાહ ◆ ઝિયારત ટુર આયોજક
કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.
એજન્ટ્સ તથા મસ્જિદ મદરસામાં પઢાવતા મૌલાનાઓ દ્વારા પૂછપરછ આવકાર્ય.
હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M:9825993786
મુફીઝુલરહેમાન, ભુજ M:9913840786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M:9925662586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M:9099053532

**જાહેર આમંત્રણ**
SALE ● સેલ
મુસ્લિમ કચ્છી ખત્રી લેડીસ ગ્રુપ - ભુજ દ્વારા આયોજીત
"શોપિંગ મેળો"
પ્રદર્શન સહ-વેચાણ, ફુડ સ્ટોલ, રમત-ગમત
આથી તમામ જનતાને જણાવવાનું કે અમો આ શોપિંગ મેળામાં ખરીદ વેચાણની વિવિધ પ્રકારની વસ્તુઓ અને નાસ્તામાં અવનવી સ્વાદિષ્ટ વાનગીઓ તેમજ નાની-મોટી ઉમરની વ્યક્તિ માટે રમત-ગમત પણ રાખેલ છે જેની મુલાકાત માટે આપના સહપરિવાર સાથે પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.
તા. 19/20 ફેબ્રુ. 2025 બુધવાર-ગુરૂવાર
: સમય : સવારે 9 થી રાત્રે 9 સુધી
ફ્રી એન્ટ્રી
: સ્થળ : મુસ્લિમ કચ્છી ખત્રી જમાતખાના ખત્રી ચોક, ભુજ-કચ્છ.
સંપર્ક સૂત્ર : મો. 8454011437
: લોકેશન :

**એ.કે. ફેબ્રીકસ**
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ રૂમાલી
વિમલ સ્ટેશનરી પાસે, સિદ્દીકી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ, કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

**મુબારક ઈફ્તતાહ**
THE HOLY FIVE પંજતન
ગુલશને ફાતેમતુઝ્ઝહરા ટ્રસ્ટ દ્વારા પંજતન બ્રાન્ડ THE HOLY FIVE નામની બ્રાન્ડ રજીસ્ટ્રેશન કરાવેલ છે. તેમાં દરેક જાતનું કરીયાણાની બ્રાન્ડની વસ્તુઓ મરચું, હળદર, ધાણાજીરૂં, ખાંડ, ચા, તેલ, ચોખા, ઘઉં વગેરે રાશન હોલસેલ તેમજ રીટેલ દુકાનો માટે મળી રહેશે.
હોલસેલ કે રીટેલ દુકાનો માટે રસ ધરાવતા વ્યક્તિઓએ ફોર્મ ભરવાનું રહેશે.
: માહે રમઝાન માટે સ્પેશ્યલ કિટ :
જેમાં કરીયાણાને લગતી વસ્તુ પંજતન બ્રાન્ડની બેસ્ટ પેકિંગમાં તૈયાર કિટ મળશે અને આપની અનુકુળતા મુજબ પણ કિટ તૈયાર કરી આપવામાં આવશે.
તા. ૧૬/૨/૨૦૨૫, રવિવાર, સવારે ૧૦:૦૦ કલાકે
સ્થળ : ડી.એન. નગર, જંગી રોડ, મુ. સામખીયારી.
ઓર્ડર / બુકીંગ માટે સંપર્ક : 8460919263.
નોંધ : આપનાં દ્વારા ખરીદી કરેલ વસ્તુઓનું ૫૦% નફો એજ્યુકેશન અને દીનીયાત તાલીમ ગુલશને ફાતેમાતુઝ્ઝહરા ટ્રસ્ટમાં વપરાશ કરવામાં આવશે.
આયોજક : ગુલશને ફાતેમાતુઝ્ઝહરા ટ્રસ્ટ

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.
**મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ**
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦
તા. ૧૧/૦૨/૨૦૨૫ સુધી મળેલ દાન

| | | |
|---|---|---|
| 5,000/- | ખદીજાબેન લાકડીયાવાળા | લાકડીયા |
| 17,786/- | મંધરા હાજી સિધીક મામદ | મોટી ધુફી-અબડાસા |
| 5,000/- | પડેયાર કાસમ ઈબ્રાહીમ | ખારઈ-લખપત |
| 5,723/- | ખલીફા રઝાક ઈબ્રાહીમ | ધુણઈ-માંડવી |
| 1,00,000/- | યાકુબભાઈ જાગોરા (રસલીયા વાળા) | ભુજ |
| 5,786/- | મર્હૂમા હાજીયાણી હવાબાઈ હાજીહુસૈન | અબડાસા |
| 50,000/- | સમેજા નૂરમામદ ભચુ | સામખીયારી |
| 50,000/- | વાંઢીયાના ગ્રામજનો તરફથી | વાંઢીયા-વાગડ |
| 1,00,000/- | ભીમભાઈ સુત્રાપાડા | હરીપર-વાગડ |
| 51,200/- | કુંભાર ઈસ્માઈલ ઉમર | ગાંધીધામ |
| 8,910/- | મર્હૂમ સિધીક અબ્દુલ્લા કેર | સુડધ્રોમોટી |
| 2,50,000/- | હાજી ઈસ્માઈલ એકલશેઠ પરિવાર | ખારી રોહર |
| 2,50,000/- | સંગાર યુસુફ અબ્દુલરહેમાન પરિવાર | ગાંધીધામ |
| 5,928/- | હાલેપોત્રા યુવા ગ્રુપ | નાનીબેર |
| 25,000/- | ચાકી ઈબ્રાહીમ જુમા | નલીયા |

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે

Visit us at : Farooqsaptahik.com

**માહે રમઝાન માટે ખાસ - તમામ પ્રોડકટ્સ હોલસેલ ભાવે મળશે**
: ડીસ્ટ્રીબ્યુટર્સ :

| | | | |
|---|---|---|---|
| - વિમટો સીરપ | - ક્રિસ્ટલ જેલી | - બ્રેડ કમ્બ્સ | - તુકમારિયા |
| - ફોસ્ટર કલાર્ક | - મિલ્ક જેલી | - કોર્ન ફ્લોર | - એમીરાતેસ ફાલુદા (૮ ફ્લેવર) |
| - કસ્ટર્ડ જેલી જયુસ | - ક્રીમી ફ્રૂટ સલાડ | - પ્રિમીક્ષ | - ઈન્સટન્ટ ચાયના ગ્રાસ |
| - કેરેમલ પુડિંગ | - રાબડી મિકસ | - ફ્રૂટ ક્રસ | - રૂહ અફઝા ઈમ્પોર્ટેડ |
| - રિચ ચોકલેટ પુડિંગ | - બાસુંદી મિકસ | - કેક પ્રેમિકસ | - અમરાઈ ક્રીમ જયુસ |
| - ફાલુદા મિકસ | - ફિરની મિકસ | - વેનીલા | - કંડેન્સ મિલ્ક નેસ્ટલે |
| - ફાલુદા સેવ | - ખીર મિકસ | - રેડ વેલ્વેટ | - મીઠાઈ મેટ અમુલ |
| - ચાયના ગ્રાસ | - ડ્રિન્કીંગ ચોકલેટ | - પર્પલ વેલ્વવેટ | - ટેન્ડરાઈઝર પાવડર |
| - બેકિંગ પાવડર | - કોકો પાવડર | - બ્રાઉની | - પિસ્તા બદામ ફ્લેકસ |
| - બેકિંગ સોડા | - આઈસીંગ સુગર | - વેફલ | |

બધા પ્રોડકટ્સ હોલસેલ ભાવમાં મળશે
: ગોદરેજ હાયફન કંપની :
ફ્રોઝન પ્રોડકટ | વેજ. ફ્રેન્ચ ફ્રાઈસ | વેજ. ચીઝ ફિંગર | વેજ. તંદુરી પનીર નગેટ્સ | વેજ. પીજ્જા પોકેટ | વેજ. પાર્ટી પેક | વેજ. પનીર પોપ્સ | વેજ. ચીઝ કોર્ન નગેટ્સ | વેજ. પેરી પેરી ફ્રેન્ચ ફ્રાઈસ | વેજ. ચીઝી પીજ્જા ફિંગર્સ | વેજ. ક્રિસ્પી પોટેટો સ્ટારઝ
M. R. ટ્રેડર્સ — બેકરી સામગ્રીના વિક્રેતા
ગરબી ચોક, વોકળા ફળીયા, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.
મોહસિન મેમણ : 9638400302, 9879503803.

**સોનેજી બ્રધર્સ** (તેરાવાલા)
સોના-ચાંદીના દાગીનાના વેપારી
મેઈન બજાર, નલીયા-કચ્છ.
અબ્બાસ સોનેજી ૯૯૨૫૮ ૧૮૭૮૬
સીરાજ સોનેજી ૯૭૨૫૨ ૨૦૦૯૨
ઘી વાળી શેરી, શરાફ બજાર, ભુજ.
ઈકબાલ સોનેજી ૯૯૨૫૩ ૧૨૨૫૮
ઈર્શાદ સોનેજી ૯૫૩૭૪ ૨૫૯૯૯

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ-કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com